

# તારાપુર ગામમાં વન મંત્રી ગણપતભાઈ વસાવાએ ઝાડુંથી સફાઈ કરી સ્વચ્છતા ઝુંબેશનો આરંભ કરાવ્યો

અડાલજ માર્ગ પરના તારાપુર ગામ ખાતે આજરોજ ગાંધીજી જયંતિ નિમિત્તે લોક સ્વચ્છતા ઝુંબેશનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વન મંત્રી ગણપતભાઈ વસાવાએ તારાપુર ગામની પ્રાથમિક શાળાથી સ્વચ્છતા જાગૃતિ રેલીને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવી હતી. આ રેલીમાં જોડાયેલ શાળાના બાળકો અને ગ્રામજનો દ્વારા સ્વચ્છતા જાગૃતિના સૂત્રોચ્ચાર અને બેનર સાથે ગ્રામ પંચાયતની કચેરી ખાતે ગયા હતા. તારાપુર ગ્રામ પંચાયત નજીકના ચોકમાં મંત્રી ગણપતભાઈ વસાવાએ ઝાડુ વડે સફાઈ કરી હતી. તેમની સાથે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈ, ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ કાળુજી ઠાકોર, ગામના સરપંચ સિહત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ઝાડું વડે સફાઈ કર્યા બાદ મંત્રીશ્રી અને મહાનુભાવોએ જાતે કચરો ઉઠાવી કચરા પેટી નાખ્યો હતો.

# જ્યોતિ મહિલા મંડળ આયોજિત ગરબા સ્પર્ધામાં ૧૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨

જ્યોતિ મહિલા મંડળ દ્વારા છેલ્લા સાડા ચાર દાયકાથી વિવિધ વયજૂથ માટે ફરતા વયજૂથના



ગરબાનું આયોજન કરવામાં આવે છે. નવરાત્રીના પ્રથમ દિવસે મહિલા મંડળ દ્વારા સેકટર-૨૩ સ્થિત નાથીબા કોલેજના ખિમજી વિશરામ હોલમાં આ ફરતા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫ થી ૭૫ વર્ષ સુધીના ૧૨૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ લત્તાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. ત્યારબાદ મહિલા બાળ વિકાસ મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણીના હસ્તે દિપ પ્રાગટ્ય અને ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કોસમોસ ગ્રુપના ડાયરેકટર સમીર ત્રિવેદી, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ અને પૃથ્વીભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

આ ફરતા વયજૂથના ગરબા સ્પર્ધામાં બેડા ગરબામાં પ્રથમ ક્રમાંકે મંજુલાબેન પટેલ, ૫ થી ૧૦ વર્ષમાં પ્રથમ ક્રમાંકે અંજલી દરજી, ૧૧ થી ૧૫ વર્ષ પ્રથમ ક્રમાંકે મૈત્રી પંડ્યા, ૧૬ થી ૨૫ વર્ષમાં પ્રથમ ક્રમાંકે શિલ્પા દરબાર વિજેતા બન્યા હતા.

જ્યારે ૨૬ થી ૩૫ વર્ષમાં જાગૃતિ પટેલ, ૩૬ થી ૪૫ વર્ષમાં પટેલ નમ્રતા, ૪૬ થી ૬૦ વર્ષમાં પ્રીતિબેન એરડા અને ૬૦ વર્ષથી ઉપરના વયજૂથમાં ઈન્દુબેન નીમાવત વિજેતા રહ્યા હતા. આ ઉપરાંત ૫૫ બહેનોને આશ્વાસન ઈનામો પણ અપાયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મુક્તિ વૈષ્ણવ, મેઘલ એરડા, મમતા રાવલ, વીણાબેન વોરા અને દિનાબેન ડોડીયાએ સેવાઓ આપી હતી.

ઈનામ વિતરણ કાર્યક્રમમાં મહેમાનોનો પરિચય દક્ષાબેન શુકલએ આપ્યો હતો. કૌશલ્યાબેન પરીખે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી સ્પર્ધક બહેનોને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વ નીરૂબેન નાયક, પુષ્પાબેન મહેતા, હર્ષાબા ધાંધલ, કિન્નરીબેન દવે, કોકિલાબેન નાયક દ્વારા ભારે જહેમત કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ ડૉ. ચેતના બુચે કરી હતી.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૭મી જન્મ જયંતિ અને ભારતના પૂર્વ વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની ૧૧૨મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને ગાંધીનગર શહેર કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે આજે ૨જી ઓક્ટોબરે વિવિધ કાર્યક્રમો થકી ગાંધી જયંતિની ઉજવણી કરીને ગાંધી મુલ્યો અને ગાંધી વિચારોનો પ્રચાર પ્રસાર કરવાનો સંકલ્પ મોટી સંખ્યામાં ઉપસ્થિત કોંગ્રેસજનોએ લીધો હતો. ગાંધીનગર ટાઉનહોલ ખાતે ખુલ્લા આકાશ હેઠળ કલા ગુર્જરી સંસ્થા દ્વારા વહેલી સવારે ગાંધી વંદના અને ભજનના યોજોલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરોએ ભાગ લઈને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

હાલમાં તમામ યુનિર્વસીટી તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયા બંધ થઈ ગયેલ છે તેવા સંજોગોમાં રીપોર્ટમાં આવી ગેરરીતી આચરેલ હોવાનું આયોગના જાણમાં આવશે તો અનુસૂચીત જાતી તથા જનજાતીને જનરલ કેટેગરીમાં ફેરવી આપેલ પ્રવેશ રદબાતલ ઠરાવવામાં આવશે કે કેમ? તે કાયદાકીય પ્રશ્ન છે. આગામી સમયમાં આવા પ્રકારે ડોનેશન આપી ગેરહક્કે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ ઉભો થશે તથા કેટકેટલાય કાયદાકીય પ્રશ્નો ઉભા થશે તે નક્કી છે.

હાલમાં એટ્રોસીટી એકટ-૧૯૮૯ ની કલમ-૪ તથા ૨૦૧૫ માં અમલમાં મુકવામાં આવેલ એટ્રોસીટી એકટની કલમ-૪ મુજબની નવી જોગવાઈ પ્રમાણે ગેરરીતી આચરનાર સંચાલકો સામે પગલા ભરવામાં આવશે તો મોટા ભાગની સંસ્થાના સંચાલકો જેલમાં જોવા મળશે તે નક્કી છે.

આ પ્રકારની કાયદાકીય કાર્યવાહી સંચાલકો સામે થશે તો ગુન્હો આચારનાર વ્યક્તિ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૪૩૮ મુજબ જામીનનો આધાર લઈ શકશે નહી એટલે જામીન ઉપર છૂટી શકશે નહી. ગુન્હો સાબીત થતા સજા તથા દંડની જોગવાઈ કાયદાકીય રીતે કરવામાં આવશે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

આજે પણ બંધારણીય જોગવાઈ મુજબ ૬૮ ટકા અનામત અમલમાં છે. જ્યારે સુપ્રીમ કોર્ટના ચુકાદાએ એની મર્યાદા ૫૦ ટકાથી વધે નહીં તેની તકેદારી રાખવા નિર્દેશ આપ્યા છે. મહારાષ્ટ્રમાં તમામ રાજકીય પક્ષો અને સમાજના આગેવાનો દલિત - દલિતેતર વચ્ચે ટકરાવ થાય નહીં એ માટે સમજાવટભરી ભૂમિકા લઈ રહ્યા છે. મંત્રણાઓથી અને બંધારણ સુધારાથી મરાઠા અજંપાને શાંત પાડી શકાશે.અન્યથા ગુજરાતની જેમ મહારાષ્ટ્રમાં પણ નેતૃત્વ પરિવર્તન અનિવાર્ય બનશે, કારણ મહારાષ્ટ્રને બિન-મરાઠા મુખ્ય પ્રધાન સદતા નથી અને એમાંય અત્યારના બ્રાહ્મણ મુખ્ય પ્રધાન પાછા વિદર્ભના છે.

## વરસાદ વિઘ્ન...

● છેલ્લા પાનાનું ચાલુ

વરસાદી વાયરાથી બધુ અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ગરબે ઘુમતા ખૈલેયાઓનો પણ મુડ ઓફ થઈ ગયો હતો. ગરબા મહોત્સવની ઉજવણીમાં વરસાદ વિલન બનતા ખૈલેયાઓએ પણ મોસમના આ વિચિત્ર મિજાજ સામે નારાજગી વ્યકત કરી હતી. બે વર્ષ પુર્વે પણ નવરાત દરમિયાન ગરબાની રમઝટમાં વરસાદ અડચણ રૂપ બન્યો હતો. વરસાદી ઝાપટાના અંતે ગરબા મેદાનમાં પાણી ભરાઈ ગયા હતા. આજે પણ દિવસ દરમિયાન ગરબા મહોત્સવના આયોજકો કાદવ કીચ્ચડને નિવારવા માટે રેતી પાથરવાના કામે લાગી ગયા હતા. નવરાત દરમિયાન મેઘરાજા મુડમાં આવતા નગરના જનજીવન પર વિપરિત અસર જોવા મળી હતી. ગરબા માંણવા નિકળેલા પરિવારજનોએ પણ ભીંજાવાનો વારો આવ્યો હતો. રાત્રિ દરમિયાન અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. જો કે મૌસમના નાટયાત્મક મિજાજનો પરચો દિવસ દરમિયાન જ મળી ગયો હોવાથી ગરબાના આયોજકોએ વરસાદથી બચવા માટેની આગોતરી તૈયારીઓ પણ કરી લીધી હતી.

# દલિત સમાજના ભાઈ-બહેનોના હક્ક અધિકાર છીનવવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે

ગાંધીનગર, તા. ૨

ભાજપ સરકારે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં સત્તામાં છે ત્યાં દલિતો ઉપર અત્યાચારના બનાવોમાં અનેકગણો વધારો થયો છે. દલિત સમાજના ભાઈ બહેનોના હક્ક અને અધિકાર છીનવવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે તેવો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કર્યો છે.

આજે ગાંધી જયંતિના દિવસે પૂ. મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ આપ્યા બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા આયોજીત દલિત અધિકાર રેલીને સંબોધતા પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકીએ રાજ્યની ભાજપ સરકાર ઉપર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે શિક્ષણ રોજગાર આવાસ અને સલામતી એ કોઈપણ સમાજ માટે મહત્વની બાબત એ ખાસ કરીને શોષિત અને પીડીત દલિત સમાજની પ્રગતિ અને પરિવર્તન માટે શિક્ષણનો અધિકાર અનિવાર્ય છે. કમનસીબે ભાજપ સરકારના શાસનમાં શિક્ષણ અતિ મોંઘુ થયુ છે. સરકારી નોકરીઓમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થાય છે. ભાજપ સરકાર છેલ્લા ૧૫ વર્ષમાં દલિત સમાજને તેમના હક્કના ઘરથાળના પ્લોટ આપવામાં નિષ્ક્રિયતા દાખવે છે.

# ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૬ના વિજેતાઓ

| કેટેગરી | વિનર | રનર્સઅપ | વિનર | રનર્સઅપ |
|---|---|---|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) | પ્રાંશુ શાહ | ઓમી પટેલ | દેવાંશીબા ઝાલા | રિયા શાહ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) | ખુશાલ પટેલ | હોમીલ પટેલ | પરીશા દવે | નેહા પટેલ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ સુધીના) | ધ્રુવ શાહ | વિવેક દેવીપૂજક | સ્તુતી ઓઝા | ઈશા ગોહીલ |
| બેસ્ટ ડ્રેસ | રવિ પટેલ | માનવ પટેલ | ઈશાની જોષી | મૈત્રી ચૌધરી |
| બેસ્ટ કિંગ અને ક્વીન | અરવિંદ ભટ્ટ | રૂપેશ પરીખ | ઈલાબેન ગોહિલ | આરતી પટેલ |
| બેસ્ટ પેર | હર્ષ રાઠોડ | ધીરજ પરમાર | નિધી રાઠોડ | રાધિકા સાવલીયા |
| બેસ્ટ પરફોર્મર્સ (પ્રિન્સ-પ્રિન્સેસ) | ભાર્ગવ દવે | સુનીલ જાદવ | પંક્તિ પટેલ | ભૂમિ પટેલ |

# ફિક્સ પગાર નાબુદી માટે આંદોલનમાં જોડાયેલા ૨૦૦ કર્મચારીઓની અટકાયત

## સત્યાગ્રહ છાવણી નજીકથી કર્મચારીઓની અટકાયત કરી સાંજ સુધી પોલીસ હેડક્વાર્ટરમાં બેસાડી રાખ્યા

ગાંધીનગર, તા. ૨

કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિ દ્વારા ફિક્સ પગાર નાબુદી માટે ગાંધી ચિંધ્યા માર્ગે લડત ચલાવાઈ રહી છે ત્યારે આજે ગાંધી જયંતીએ વિરોધ પ્રદર્શન કરવા અને ઉપવાસ આંદોલન કરવા કર્મચારીઓ સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે એકઠા થયા હતા. આ વિરોધ કાર્યક્રમની મંજુરી આપવામાં આવી ન હોવાથી પોલીસે તમામ ૨૦૦ જેટલા કર્મચારીઓની અટકાયત કરી લીધી હતી અને સાંજ સુધી ડીએસપી કચેરી પોલીસ હેડ કવાર્ટર ખાતે બેસાડી રાખવામાં આવ્યા હતા. સમિતિ દ્વારા સફેદ શર્ટ કે ટીશર્ટ ડ્રેસ કોડ રાખ્યો હતો. આ ડ્રેસ કોડ સાથે એકલ દોકલ નિકળેલા કર્મચારીઓને પણ ડીટેઈન કરી લેવાયા હતા.





કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિનાં પ્રમુખ રજનીકાંત સોલંકી દ્વારા ફિક્સ પગારમાં શોષાતા હજ્જારો કર્મચારીઓના હિતમાં ફિક્સ પગાર નાબુદી માટે આંદોલન છેડવામાં આવ્યુ છે. ગાંધી જયંતીએ ઉપવાસ આંદોલન કરવા મંજુરી લેવા રજનીકાંત સોલંકી ગયા હતા ત્યારે ત્રણેક દિવસ પહેલા જ પોલીસ સ્ટેશનમાં તેમની ધરપકડ કરી લેવામાં આવી હતી. ૨જી ઓક્ટોબરનાં ભુખ હડતાળનાં કાર્યક્રમને મંજુરી આપવામાં તંત્ર દ્વારા કરવામાં આવેલા ઈન્કાર બાદ હાઈકોર્ટમાંથી તાત્કાલીક મંજુરી મેળવવી મુશ્કેલ હોઈ ભુખ હડતાળની તારીખ બદલવા વિચારણા કરવામાં આવી હતી. પરંતુ રાજ્યનાં મોટા ભાગનાં ફિક્સ પગારદાર કર્મીઓએ સત્યાગ્રહનાં પ્રારંભ માટે ગાંધી જયંતીના દિવસે જ મક્કમ રહી અટકાયત વ્હોરવાની તૈયારી બતાવતા કાર્યક્રમ યથાવત રાખ્યો હતો. સમિતિ દ્વારા સફેદ શર્ટ કે ટીશર્ટ ડ્રેસ કોડ રાખ્યો હતો. આ કાર્યક્રમની મંજુરી ન હોવા છતા કાર્યક્રમ થવાનો હોવાની માહિતી મળતા પોલીસે પણ સવારથી જ બંદોબસ્ત સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ગોઠવી દીધો હતો. આ ડ્રેસ કોડ સાથે એકલ દોકલ નિકળેલા કર્મચારીઓને પણ ડીટેઈન કરી લેવાયા હતા. દરમ્યાન ફિક્સ કર્મીઓનુ ટોળુ પેટ્રોલ પંપ નજીક ભેગુ થયુ હોવાના મેસેજ પોલીસને મળતા ત્યાં જઈને ૨૦૦ જેટલા કર્મચારીઓની અટકાયત કરી લઈને પોલીસ હેડ ક્વાર્ટર ખાતે લઈ જઈ સાંજ સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા.

# શહેરની હોસ્પિટલમાં નર્સિંગ સ્ટાફની પાર્કિંગ બાબતે આડોડાઈ

## સિકયુરીટીને સ્ટાફના માણસો જ કહે છે જેને કહેવું હોય તેને કહો અમે અહીંયા જ પાર્ક કરીશું...!

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં પાર્કિંગનો પ્રશ્ન છેલ્લા ઘણા સમયથી તંત્ર માટે માથાના દુખાવા સમાન બની ગયો છે. હોસ્પિટલ સંકુલમાં આવતા લાભાર્થીઓ દ્વારા માર્ગ પર આડેધડ વાહન પાર્કિંગને પગલે તંત્ર દ્વારા સિક્યુરીટી ગાર્ડનો ઉધડો લેવામાં આવે છે. પરંતુ હકીકત એ છે કે નર્સિંગ તેમજ અંદરના સ્ટાફના માણસો જ સિકયુરીટીને ગાંઠતા નથી અને જેને કહેવુ હોય તેને કહી દે અહીં જ વાહન પાર્ક કરીશું... ગાર્ડને મનફાવે તેવા શબ્દો બોલીને ગમે ત્યાં વાહન પાર્ક કરીને સ્ટાફના માણસો જતા રહે છે ત્યારે આજે આડશ માટેનું દોરડુ એક સ્ટાફનો માણસ તોડીને પોતાનું ટુ-વ્હીલર મુકીને ગાર્ડને અપશબ્દો બોલી પલાયન થઈ ગયો હતો. આવા રોફ બતાવતા કર્મચારીઓ સામે તંત્રએ કડક કાર્યવાહી કરવાની જરુર છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. હોસ્પિટલમાં આવતા દર્દીઓ તેમજ સ્વજનો દ્વારા આડેધડ સંકુલની આસપાસ વાહનો ખડકી દેતા તંત્ર પાર્કિંગની સમસ્યા સર્જાય છે. ઘાયલ દર્દીઓને તાત્કાલીક સારવાર માટે લઈને આવતી ૧૦૮અને એમ્બ્યુલન્સને ભારે તકલીફનો સામનો કરવો પડે છે. જેથી તંત્ર દ્વારા એમ્બ્યુલન્સને તકલીફના પડે તે માટે ખાસ જગ્યાઓ પાર્કિંગ માટે આરક્ષિત રાખી છે.આ જગ્યા પર કોઈને પણ વાહન મુકવા દેવું નહી તેવી સ્પષ્ટ સુચના અધિકારીઓ દ્વારા સિકયુરીટી ગાર્ડને આપવામાં આવે છે. ત્યારે સિકયુરીટી ગાર્ડ અન્ય લાભાર્થીઓને વાહનો પાર્ક કરવા દેતા નથી પણ ખુદ સંકુલમાં ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફ દાદાગીરી કરીને ગમે ત્યા વાહન પાર્ક કરી દે છે. પાર્કીંગના પ્રશ્ને લઈ સિકયુરીટી ગાર્ડને અનેકવાર માથાકુટ પણ થયેલી છે તેમજ કેટલાક ગાર્ડને માર ખાવાનો પણ વારો આવ્યો છે. ત્યારે આજે બપોરની શીફટમાં કામ કરતા એક કર્મચારીએ તો હદ કરી નાંખી આડશ માટે રાખેલુ દોરડુ તોડીને પોતાનુ વાહન નીચે ડ્રાઈવર રુમ પાસે મુકીને પલાયન થઈ ગયો હતો. સંકુલમાં ફરજ બજાવતા મિજાજી સ્ટાફના કર્મચારીઓનો મિજાજ ઠેકાણે લાવવા તંત્રના અધિકારીઓએ કડક કાર્યવાહી કરવાની જરુર છે ખરી...!

## હુમલાનો ખતરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંસ્થાઓને કહેવામાં આવ્યું છે કે, વિમાનના ઈમરજન્સી પ્રવેશ દ્વાર, વિમાનમાં અંદરની જગ્યાઓ અને બીજી માહિતીથી વાકેફ કરવામાં આવી રહ્યા છે. વિમાનને કોઈપણ પ્રકારનું નુકસાન ન પહોંચે તેવી ખાતરી કરવા કહેવામાં આવ્યું છે. વિમાનને થનાર નુકસાન એક કારણ નથી. બે વર્ષ પહેલા કમાન્ડો દ્વારા બોઈંગ ૭૪૭ જમ્બોજેટમાં આવી જ એક ડ્રીલની પ્રક્રિયા હાથ ધરી હતી. તેવખતે વિમાનને અંદર નુકસાન થયું હતું. સાથે સાથે આ વિમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા ઉપર સ્ટેન્ડ બાય તરીકે રાખવામાં આવ્યુંહતું. મોડેથી ચકાસણી દરમિયાન હેન્ડ ગ્રેનેડના બોક્સ મળી આવ્યા બાદ અફડાતફડી મચી ગઈ હતી. મોડેથી જાણવા મળ્યું કે, નિષ્ક્રિય કરવામાં આવેલા બોક્સ તરીકે હતા. તેનો ઉપયોગ એનએસજીના કમાન્ડો દ્વારા એન્ટી હાઈઝેક મિશનમાં કર્યો હતો. મોડેથી એનએસજીને કહેવામાં આવ્યું હતું કે, પોતાની પ્રેક્ટિસ બાદ સ્થળ ઉપર રહેલી ચીજવસ્તુઓને દૂર કરવા માટે અપીલ કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, હાલમાં જ ભારતીય સેનાએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસી જઈને ઓપરેશન હાથ ધર્યુ હતું જેમાં સાતથી વધારે ત્રાસવાદી કેમ્પોને ફૂંકી મારવામાં આવ્યા હતા. સાથે સાથે ૪૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.

## વ્યાજદર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કારોબારી આરપી મરાઠેએ કહ્યુ છે કે આરબીઆઈ હાલમાં વ્યાજદરમાં કોઈ ફેરફાર કરશે નહી. કારણ કે ડબલ્યુપીઆઈ અને સીપીઆઈ બન્ને ફુગાવા હાલ સાનકુળ સપાટી પર નથી. ઓગષ્ટમાં રીટેલ ફુગાવો પાંચ મહિનાની નીચી સપાટી પર હાલમાં પહોંચ્યો છે. તે ૫.૦૫ ટકા ચોક્કસપણે છે પરંતુ ડબલ્યુપીઆઈ ફુગાવો બે વર્ષની ઉંચી સપાટી પર એટલે કે ૩.૭૪ ટકાની સપાટી પર પહોંચી ગયો છે. ઓગષ્ટ મહિનામાં રિટેલ અને સાથે સાથે હોલસેલ ફુગાવામાં ઘટાટો થયો તે પહેલા એવા સંકેત મળ્યા હતા કે ભાવ હજુ વધી શકે છે. સરકારે ઓગષ્ટ મહિનામાં કહ્યુ હતુ કે ચાર ટકાના ફુગાવા માટે ટાર્ગેટ છે. આગામી પાંચ વર્ષમાં બે ટકા સુધી પ્લસ માઈનસ થઈ શકે છે. સપ્ટેમ્બર મહિનામાં ઉર્જિત પટેલે રઘુરામ રાજન પાસેથી આરબીઆઈના વડા તરીકેનો હોદ્દો સંભાળી લીધો હતો.

## જાહેર નિવિદા

### જી.ઈ.બી. ટીવી ક્લબ, ગાંધીનગર સુધી સી.એ.ટી.વી. સપ્લાય આપવા બાબત.

રસ ધરાવતી એજન્સીઓએ જીએસઈસીએલ, વહીવટ કચેરી ગાંધીનગરનો સંપર્ક કરવો. તારીખ ૩/૧૦/૨૦૧૬થી તા. ૫/૧૦/૨૦૧૬ સુધીમાં સંપર્ક કરવો. છેલ્લી તારીખ : ૫/૧૦/૨૦૧૬

સહી/-
પ્રમુખશ્રી,
જીઈબી ટીવી ક્લબ, ગાંધીનગર



## શાહપુર સર્કલ નજીક ફ્રન્ટી ગાડી સળગી ઉઠી

ગાંધીનગર શહેરથી ધોળાકુવા પોતાના ઘર તરફ જઈ રહેલા મારુતી ફ્રન્ટી કારના ચાલકને બોનેટ પાસેથી અચાનક ધુમાડા નિકળતા દેખાયા ને તેમણે ગાડી તાત્કાલીક શાહપુર ચોકડી નજીક સાઈડમાં ઉભી કરી દીધી હતી. ચાલક બહાર નિકળ્યાને ગાડી ભડભડ સળગવા લાગી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને કોલ મળતા જ ઘટના સ્થળે ટીમ પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. જો કે ગાડી બળીને ખાખ થઈ ગઈ હતી.

## રાંધેજા ગૂજરાત વિદ્યાપીઠ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

સ્વ. જાનકીદેવી જમનાલાલ બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે ગાંધી જયંતિ અને નેચરોપેથી દિવસ નિમિત્તે તા. ૩ અને ૪ ઓક્ટોબરના રોજ સવારના ૯ થી ૧૨ કલાક દરમિયાન નિઃશુલ્કપણે સર્વરોગ નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પમાં દર્દીઓને કુદરતી ઉપચાર પદ્ધતિઓ જેવી કે હાઈડ્રો થેરાપી, માલિશ, મડ થેરાપી, કસરત, યોગ અને આહારમાં ફેરફાર દ્વારા રોગ કઈ રીતે મટાડી શકાય છે તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા ઈચ્છુકોએ રાંધેજા ખાતે સંપર્ક કરી નામ નોંધાવાનું રહેશે.

## ટેન્ડર નોટીસ

### નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

### જાહેર નિવિદા નં. (૪) વર્ષ : ૨૦૧૬-૨૦૧૭

૧) ગુજરાત સરકારશ્રીના જાહેર બાંધકામ ખાતાની અથવા નર્મદા જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઠેકેદારો પાસેથી નીચેની વિગતમાં દર્શાવેલ કામો માટેના રેટ સીલબંધ કવરમાં ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી જ બી-૧ ટેન્ડર ફોર્મમાં કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ યાંત્રિક વિભાગ નં.૩, નવા સચિવાલય સંકુલ, બ્લોક નં.૯, ૯મા માળે, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૭૪૦)ની કચેરીએથી મંગાવવામાં આવે છે. (૨) કામની વિગતો ટેન્ડર ફોમમાં દર્શાવવામાં આવેલ છે. જે નીચે દર્શાવેલ દસ્તાવેજોની પ્રમાણિત નકલો રજૂ કરવાથી ઉપરોક્ત કચેરીએથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. (અ) યોગ્ય શ્રેણીનું તાજુ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર (બ) વેટ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર (૩) પાનકાર્ડની નકલ (ડ) ટેન્ડર ફી (ઈ) બાના અનામનતી રકમનો ડીડી / એફ.ડી.આર. (ડીડી/એફ. ડી. આર. અસલમાં રજૂ કરવાનો રહેશે. અથવા બાનાની રકમમાંથી મુક્તિ મળેલ હોય તો મુક્તિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. (એફ) છેલ્લા પાંચ વર્ષમાં આવા ગેટના કચેર કામના અનુભવના પ્રમાણપત્રો, કામના અનુભવના પુરાવા રૂપે જેતે કચેરીનું ફોર્મ (જી) અવશ્ય રજૂ કરવાનું રહેશે. (૩) કોરા ટેન્ડર ઈસ્યુ કરવાની તેમજ ભરેલા ટેન્ડરો પરત લેવાની છેલ્લી તારીખ નીચે મુજબ દર્શાવેલ છે. (૪) શક્ય હશે તો આવેલ કામના ટેન્ડરો પરત સ્વીકારવાની તારીખનાં બીજા દિવસે ૧૨-૦૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રી સિંચાઈ યાંત્રિક વિભાગ નં. ૩, નવા સચિવાલય સંકુલ, બ્લોક નં. ૯, ૯મા માળે, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે હાજર રહેલ તથા ભાગ લીધેલ કોન્ટ્રાક્ટરોની રૂબરૂ ખોલવામાં આવશે. (૫) સરકારશ્રીના વખતો વખતના નિયમો ઠેકેદારશ્રીને બંધનકર્તા રહેશે. એક યા સઘળા ટેન્ડરો કોઈપણ જાતના કારણો દર્શાવ્યા સિવાય અસ્વીકૃત કરવાના હક્ક સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે. શરતી ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**કામનું નામ :** પ્રોવાઈડીંગ ફેબ્રીકેટીંગ એન્ડ ઈરેક્ટીંગ ન્યુ રેલીંગ વીથ ન્યુ ગેટ્સ (નંગ-૨) ઈન રેલીંગ ફોર પ્રોટેકશન એટ રાઈટ સાઈડ બેન્ક ઓપ સંત સરોવર (ઈન્દ્રોડા) રીચાર્જ પ્રોજેકટ એઝ પર ઈન્સ્ટ્રકશન ઓફ એન્જીનિયર ઈન ચાર્જ એન્ડ સ્પેશીફીકેશન.

| અ. નં. | અંદાજીત રકમ રૂ. | બાનાની રકમ રૂ. | ટેન્ડર ફી રૂ. | કોરા ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તારીખ (૧૬.૦૦ કલાક સુધી | ભરેલ ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તારીખ (૧૮.૦૦ કલાક સુધી | શ્રેણી |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૩,૧૪,૬૧૨/- | ૩૧૫૦/- | ૬૦૦/- | ૧૦/૧૦/૧૬ | ૧૭/૧૦/૧૬ | ‘ઈ-૨ અને ઉપરની |

માહિતી/૧૬૮૩/૧૬-૧૭